# અહેવાલ

## “Student Sensitisation Program on SSIP 2.0”
## “Entrepreneurship & Innovation”

તારીખ: **31/05/2026**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**આયોજક: ISIICTL વિભાગ, BAOU**
**(ઇનોવેશન, સ્ટાર્ટ-અપ્સ, ઇન્ટર્નશિપ, ઇન્ક્યુબેશન, કોલેબોરેશન, ટેકનોલોજી અને લિંકેજીસ)**
**સ્થળ: પાલનપુર પ્રાદેશિક કેન્દ્ર**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ તા. 31/05/2026 (રવિવાર)ના રોજ પાલનપુર પ્રાદેશિક કેન્દ્ર નિર્મલ વિદ્યાલય ખાતે ISIICTL વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા “Student Sensitization Program on SSIP 2.0 – Entrepreneurship & Innovation” વિષયક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ડૉ. ધવલ પંડ્યા, ઇન્ચાર્જ નિયામક (RCS), અને ISIICTL વિભાગના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમાર ઓનલાઈન માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. શ્રી તેજેન્દ્ર પરમારે ગુજરાત સરકારની મહત્વપૂર્ણ અને મહત્વાકાંક્ષી પહેલ Student Startup and Innovation Policy (SSIP 2.0) અંગે વિસ્તૃત માહિતી આપતાં વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી કે, આ યોજના વિદ્યાર્થીઓના નવીન, સંશોધનાત્મક તથા ઉદ્યોગલક્ષી વિચારોને સ્ટાર્ટઅપ સ્વરૂપે વિકસાવવા માટે ગ્રાન્ટના માધ્યમથી આર્થિક સહયોગ પૂરો પાડવાનું સશક્ત સાધન છે. તેમણે સ્ટાર્ટઅપ માટે મળતી ગ્રાન્ટની પાત્રતા, અરજી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા તેમજ ઇનોવેશનના ક્ષેત્રમાં Idea થી Proof of Concept (PoC) સુધી પહોંચવાની સમગ્ર પ્રક્રિયા વાસ્તવિક અને પ્રેરણાદાયક ઉદાહરણો દ્વારા સરળ અને અસરકારક રીતે સમજાવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા (Entrepreneurship)ના મૂળભૂત સિદ્ધાંતો, ઇનોવેશન તથા સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ, પોતાના નવીન વિચારોને વ્યવસાયિક સ્વરૂપ આપી સ્વરોજગાર અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે આગળ વધવા માટે જરૂરી કૌશલ્યો, ઉપલબ્ધ તકો અને વિવિધ પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત માહિતી પ્રદાન કરવામાં આવી હતી.

આ ઉપરાંત, વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના (PM Internship Scheme) અંતર્ગત ઉપલબ્ધ કારકિર્દી તકો, કૌશલ્ય વિકાસ, માસિક સ્ટાઇપેન્ડ તેમજ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) હેઠળ મળતા વીમા સુરક્ષા લાભો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પાલનપુર પ્રાદેશિક કેન્દ્રના અસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી પાર્થ રાવલ તથા શ્રી ગોકુળભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ યોજનાઓ અને કારકિર્દી વિકાસ સંબંધિત ઉપયોગી માહિતી મેળવી હતી.

## <u>ફોટોગ્રાફ</u>










